| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૯/૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૧/૦૯/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૨૯/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧ | ૭ | ૮ |

**વિરમગામનાં મહે. એડી. સીવીલ જજ સાહેબની અદાલતમાં, મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

**રેગ્યુલર દિવાની દાવા નં. ૧૬૯/૨૦૨૪**

**આંકઃ–૨૦**

ઉત્તર ગુજરાત વિજ કંપની લી.
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગની કચેરી
માંડલ રોડ, મુ. વીરમગામ, અમદાવાદ

**::: વાદી**

**વિરુધ્ધ**

**રમજાનભાઇ રહીમભાઇ જાવલીયા**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : વેપાર
રહેવાસી.માસાઅલ્લાહ નીવાસ કુરબાનભાઇના મકાન પાસે, મુ.પો,વેકરીયા તા.વિરમગામ જી.અમદાવાદ

**::: પ્રતિવાદી**

---

**દાવો :– રૂા.૧,૨૩,૫૬૯/– વસુલ મેળવવા અંગે.**

---

વાદી તરફે : વિ.વ.શ્રી એસ.કે.વોરા

પ્રતિવાદી તરફે : એકતરફી

---

-:: ઠરાવ ::-

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે તેમજ વાદી કંપનીની વીરમગામ શહેર પેટા વિભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના વીરમગામમા માંડલ રોડ પર આવેલ છે.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદી ગામ વેકરીયામાં વાદી કંપનીના ગ્રાહક છે અને જેમનો ગ્રાહક નં. ૨૫૭૦૬૧૦૭૭૫૦ છે અને વાદી કંપનીના જવાબદાર અધિકારી શ્રી એમ.આર.ચૌધરી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમા નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદીના ઘરની નજીક આવેલ હળવા દબાણના વીજપોલ પરથી આશરે ૧૫ મીટરના કાળા વાયર વડે આંકડી લગાવી બીજો છેડો પોતાના ઘરમાં મેઇન સ્વીચમાં જોડી મીટરને બાયપાસ કરી ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા પકડાયેલ અને જે અંગે વાદી કંપનીના જવાબદાર અધીકારીએ સ્થળ ઉપર રોજકામ કરેલ અને હાજર વ્યકિતએ તેમા સહી કરેલ નહી અને આ કામના પ્રતિવાદીને વીજચોરી અંગેનુ રૂા.૯૭,૨૨૩/-પૈસાનુ બીલ આપેલ જે બીલ ભરપાઇ ન કરતા પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ કરવામા આવેલ છે અને અવારનવાર માંગણી કરી કરાવવા છતા વીજચોરીની લેણી રકમ ભરપાઈ કરતા ન હોઈ પ્રતિવાદીને તા.૦૭/૦૬/૨૩ ના રોજ આખરી નોટીસ મોકલવામા આવેલ અને ત્યારબાદ તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ રજી. પોસ્ટ એડી.થી મોકલાવેલ હોવા છતા નોટીસનો જવાબ આપેલ નહી કે કોઈ રકમ વસુલ આપેલ નથી.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદી બિનઅધિકૃત રીતે વીજ પુરવઠાનો ગેરકાયદેસર રીતે પોતાના મકાનમાં આવેલ વીજ વપરાશનાં સાધનો ચલાવવા ઉપયોગ કરી વિજચોરી કરતા પકડાયેલ અને જે અંગે પ્રતિવાદીને વાદી કંપનીનાં નિયમ મુજબ પાવરચોરીના બીલ સહીતની લેણી પડતી રકમ રૂા.૯૭,૮૧૦/- તથા તા.૧૪/૦૨/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીના ૧૮% પ્રમાણે વીલંબીત ચુકવણી ચાર્જના રૂા.૨૫,૭૫૮/- મળી કુલ રૂા.૧,૨૩,૫૬૯/- લેણી પડતી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી તે રકમ ૧૮% ના વિલંબીત ચુકવણી ચાર્જ સહીત વસુલ મેળવવા હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ.

આ દાવાનું કારણ પ્રતિવાદીને તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ વીજ ચોરી કરતા પકડાયેલા ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વીજ ચોરીનુ બીલ મોકલવામા આવ્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ પ્રતિવાદી સામે વીજચોરી અંગે ફરીયાદ કરી ત્યારથી તેમજ તે અરસાથી તેમજ પ્રતિવાદીએ વીજચોરીના બીલની રકમ ભરપાઈ ન કરતા વાદી કંપનીએ તા. ૦૭/૦૬/૨૦૨૩ ના રોજ આખરી નોટીસ આપી ત્યારથી તેમજ તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ રજી.પો.એડી.થી લીગલ નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ કામનાં પ્રતિવાદી પાસે વીજચોરીના બીલ સહીતનું રૂ.૯૭,૮૧૦/-ની રકમની લેણી પડતી રકમ  તથા તે ઉપર તા.૧૪/૦૨/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીના ૧૮% પ્રમાણે વીલંબીત ચુકવણી ચાર્જના રૂા.૨૫,૭૫૮/- મળી કુલ રૂા.૧,૨૩,૫૬૯/-નુ જે લેણુ પડે છે તે આ દાવાના તમામ ખર્ચ સહીત દાવાતારીખથી ૧૮% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત-મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણ સરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી હાજર રહેલા ન હોય જેથી સદરહુ

દાવાની કાર્યવાહી પ્રતિવાદી વિરુધ્ધ એકતરફી ચલાવવાનો તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ હુકમ કરવામા આવેલ છે.

**(૩)** સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**-: મૌખિક પુરાવા :-**

| ક્રમ. | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ વાઘેલાનું પુરાવાનું સોગંદનામું. (નાયબ ઈજનેર, વીરમગામ રૂરલ સબ ડીવીઝન) | ૦૮ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ. | **દસ્તાવેજ.** | **આંક** |
|---|---|---|
| ૧ | ચેકીંગ સીટની પ્રમાણીત નકલ | ૧૦ |
| ૨ | વીજચોરીના બીલની નકલ | ૧૧ |
| ૩ | એનેક્સરે સીટની નકલ | ૧૨ |
| ૪ | પુરવણી બીલની નકલ | ૧૩ |
| ૫ | પ્રતિવાદી સામે વીજચોરી અંગે કરેલ પોલીસ ફરીયાદની નકલ | ૧૪ |
| ૬ | આખરી નોટીસની ઓફીસ કોપી | ૧૫ |
| ૭ | લીગલ નોટીસની ઓફીસ કોપી | ૧૬ |
| ૮ | એકનોલેઝમેન્ટની અસલ | ૧૭ |
| ૯ | લેજરના ઉતારાની નકલ | ૧૮ |

**(૪)** ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક-૧૯ થી પુરાવો પુરો થયાની કલોજીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

**(૫)** સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રી ની વિસ્તૃત દલીલો સાંભળી.

**(૬)** આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક-૦૬ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદા ::–**

1. Whether the plaintiff Board proves that the defendant has committed theft of electric energy and therefore the Board is entitled to recover Rs.1,23,569/- including of delay payment charges ?
2. Whether the plaintiff is entitled to get Interest ? If Yes, at what rate ?
3. Whether the suit of the plaintiff is barred by any provision of law?
4. Whether the plaintiff is entitled to get relief as prayed for?
5. What Order and Decree?

**(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.**

૧. અંશત: હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. નકારમાં

૪. અંશત:હકારમાં

૫.આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૦૬ ના મુદાઓ સંબંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરું છું.

**–:કારણો:–**

**મુદ્દા નં. ૧ થી ૪**

(૮) આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી લેણી પડતી વીજ વપરાશની રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૦૮ થી નાયબ ઈજનેર, ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ વાઘેલાનાઓનું પુરાવાનું

સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસે ગણ તરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. સદરહું સોગંદનામાની હકીકતને પ્રતિવાદી ધ્વારા પડકારવામાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ પડકારવામા આવી નથી. ત્યારે કાયદાનાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ પ્રતિવાદીને હકીકતો સ્વીકાર્ય છે તેમ માનવાનું રહે છે. જો કે વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૧૦થી આંક–૧૮ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે.

આંક–૧૦ થી સ્થળ રોજકામ રજુ થયેલ છે. જેમાં ગ્રાહકનાં નામમાં પ્રતિવાદીનુ નામ દર્શાવેલ છે. આ કામનાં પ્રતિવાદીને ત્યાં તા૧૬/૦૫/૨૦૨૩ નાં રોજ વીજ ચેકીંગ કરવામાં આવતા, " આ કામના પ્રતિવાદીના ઘરની નજીક આવેલ હળવા દબાણના વીજપોલ પરથી આશરે ૧૫ મીટરના કાળા  વાયર વડે આંકડી લગાવી બીજો છેડો પોતાના ઘરમાં મેઇન સ્વીચમાં જોડી મીટરને બાયપાસ કરી ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા રંગેહાથ ઝડપાયેલ છે. " જે સ્થળ રોજકામ જોતા તેમાં ચેકીંગઅધીકારીની સહી છે. તેમજ પ્રતિવાદીએ સહી કરેલ નથી તથા આંક–૧૧ થી પાવર ચોરીનું બીલ રજુ કરવામાં આવેલ છે. જેમા કુલ બાકી નીકળતી રકમ રૂા.૯૭૨૨૩.૩૬ પૈસા દર્શાવેલ છે. જે રકમમા ફીકસ ચાર્જ પેટે રૂા.૫૩૭/– એનર્જી ચાર્જ પેટે રૂા.૫૫,૦૯૮.૫૩ પૈસા, ફયુઅલ ચાર્જ પેટે રૂા.૩૪,૮૦૪.૮૦ પૈસા, ઈ.ડી ચાર્જ પેટે રૂા.૬,૭૮૩.૦૩ પૈસા દર્શાવેલ છે. જયારે મીનીમમ ચાર્જ, રીએકટીવ ચાર્જ, મીટર ચાર્જ, ડીપીસી, પ્રોવીઝનલ બીલમા કોઈ રકમ દર્શાવેલ નથી. આમ વાદી કંપનીએ પ્રતિવાદીને કુલ રૂા. ૯૭,૨૨૩.૩૬ પૈસા લેખે વીજચોરી અંગે બીલ આપેલ છે. જે બીલમાં પ્રતિવાદીનુ નામ, બીલની કુલ રકમના કોલમમાં રૂા. ૯૭,૨૨૩.૩૬ પૈસા દર્શાવેલ છે. જે બીલમા ડેપ્યુટી એન્જીનીયરની સહી પણ છે.  આંક–૧૨ થી એનેક્સચર સી સીટની નકલ રજુ છે.જેમા પ્રતિવાદીનુ નામ જણાઈ આવે છે.

જેમાં ટ્યુબલાઇટ–૦૩, ફેન–૦૪, રેફ્રીજરેટર–૦૧, ટી.વી.–૦૧ વસ્તુઓ દર્શાવેલ છે. જેમાં સીનીયર આસ્સિટન્ટ તથા ડેપ્યુટી એન્જિનીયરનાઓની સહી છે.આંક–૧૩ થી પુરવણી બીલ રજુ છે જે પ્રતિવાદીના નામજોગ છે અને તેમા તેમનુ સરનામુ પણ છે જેમા બીલની રકમ પણ દર્શાવવામાં આવેલ છે. જે બીલમાં નાયબ ઈજનેર, યુ.જી.વી.સી.એલ. નાઓની સહી છે. આંક–૧૪ થી વીજચોરીની એફ.આઈ.આર. રજુ છે જેનો ગુ.ર.નં.૩૯૯૭/૨૩ છે. જેમા જીયુ.વી.એન.એલ. પો.સ્ટે.ના સહી સીકકા છે.જેમા તહોમતદારના નામમા પ્રતિવાદીનું નામ દર્શાવેલ છે તેમજ તેમા વીજચોરીની રકમ પણ દર્શાવેલ છે તેમજ તેમા જી.યુ.વી.એન.એલ.ના સહી સીકકા પણ છે.આંક–૧૫થી પ્રતિવાદીને આપવામાં આવેલ આખરી નોટીસ રજુ છે જે પ્રતિવાદીના નામ જોગ નોટીસ છે. જેમા વીજચોરીની રકમનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમા નાયબ ઈજનેર યુ.જી.વી.સી.એલ.ની સહી છે તેમજ પ્રતિવાદીના નામ જોગ નોટીસ પ્રતિવાદીના સરનામે મોકલવામાં આવેલ છે. સદર કામે આંક–૧૬ થી લીગલ નોટીસ રજુ છે જે પ્રતિવાદીના નામે તેના સરનામે મોકલવામામ આવેલ છે વધુમાં સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે કે તેમા વીજચોરી બીલના રૂા.૯૭,૮૧૧ ની રકમ દર્શાવેલ છે અને વધુમા સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે કે કંપનીના નીયમ અનુસાર તેમા વિલંબીત ચુકવણી ચાર્જ સાથે કુલ રૂા.૧,૧૪,૨૭૫ દર્શાવેલ છે પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નીયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી.આંક–૧૭ થી એકનોલેઝમેન્ટની અસલ રજુ છે જેમા પ્રતિવાદીની સહી છે. આંક–૧૮ થી વાદી કંપનીના લેઝર પરથી પ્રતિવાદીના વીજવપરાશના ખાતાની ખરી નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા જેમા કન્ઝમ્યુર તરીકે પ્રતિવાદીનુ નામ દર્શાવેલ છે જેનો ગ્રાહક નં–૨૫૭૦૬/૧૦૭૭૫/૦ અને રૂા.૯૭,૮૧૦.૪૭ પૈસા પ્રતિવાદીનો ખાતાનો ઉતારો જોતા બાકી જણાઇ આવે છે. જેમા ડેપ્યુટી એન્જીનીચર યુ.જી.વી.સી.એલ. વીરમગામ રૂરલ સબ ડીવીઝનનાઓની સહી છે. આમ, વાદી કંપની દ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજ બાબતે પ્રતિવાદી જાતે કોર્ટમાં હાજર થઈ વિરોધ દર્શાવેલ નથી કે કોઈ તકરાર લીધેલ

નથી. તેથી હાલનાં પ્રતિવાદી બિન અધિકૃત રીતે વિજ પુરવઠો પોતાના ઘરમાં આવેલ વીજ વપરાશનાં સાધનો ચલાવવા માટે ઉપયોગ કરી વિજ ચોરી કરતા પકડાયેલ હોવાનું જણાય છે. આમ આ કામના પ્રતિવાદીએ વીજચોરી કરેલ હશે તે  રજુ દસ્તાવેજોને આધારે માનવાને કારણ રહે છે. આમ, વાદી કંપની ધ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજ બાબતે પ્રતિવાદી જાતે કોર્ટમાં હાજર થઈ વિરોધ દર્શાવેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. તેથી હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી પડતી રકમ મેળવવા વાદી હકકદાર હોવાનું જણાય છે.

(૯) આ કામે વાદી તરફથી આંક–૧૮ થી પ્રતિવાદીના લેઝરનો ઉતારો રજુ કરવામા આવેલ છે જે લેઝર વાદી સંસ્થા દવારા નિયત નમુનામા રોજેરોજ નિભાવવામા આવે છે. ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૩પ મુજબ જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમા મુદા માટેથી હકીકત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી વિગતો છે, જે એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા તેઓની ફરજનુ પાલન કરતા કરેલી નોંધ આપોઆપ પ્રસ્તુત હકીકત છે અને પુરાવામાં ગ્રાહય છે. તે પ્રમાણે આ કામે આંક–૧૮ થી રજુ કરેલ પ્રતિવાદીના લેઝરનો ઉતારો પણ જાહેર રેકર્ડ હોઇ પુરાવામાં ગ્રાહય છે. વીજ વપરાશની લેણી રકમ રૂા.૯૭,૮૧૦.૪૭ પૈસા નીકળતી રકમ દર્શાવેલ છે. આમ વાદીની હકીકતોને આંક–૧૮ થી સમર્થન મળેલ છે. અને તેનાથી વિરુધ્ધની હકીકતો જયારે રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે એમ માનવુ રહે કે વાદીનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશના રૂા. ૯૭,૮૧૦.૪૭ પૈસા લેણાં છે.

**(૧૦)** આ કામના વાદીએ, પ્રતિવાદી પાસે ડીલે પેમેન્ટ ચાર્જની તથા વ્યાજની માંગણી કરેલ છે. જેમા ડીલે પેમેન્ટ ચાર્જ બાબતે કોઇ દસ્તાવેજી પવુરાવા આ કામે રજુ કરેલ નથી તથા આંક–૧૧ વાળુ વીજચોરીનુ બીલ ધ્યાને લેવામા આવે તો તેમા વિલંબીત ચુકવણી ચાર્જમા કોઇ રકમ દર્શાવેલ નથી તથા આંક–૧૬ વાળી લીગલ નોટીસ ધ્યાને લેવામા આવે તો તેમાં ફક્ત તેવુ લખેલ છે કે કંપનીના નિયમોનુસાર વિલંબીત ચુકવણી ચાર્જ મળી કુલ બાકી રકમ દર્શાવેલ છે પરંતુ, સદરહુ વિલંબિત ચુકવણીની રકમ કંપનીના

કયા નિયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટિસથી ફલિત થતુ નથી. આમ વાદી કંપની તેઓની દાવા અરજીમા જણાવેલ વિલંબીત ચુકવણી ચાર્જના રુપિયા અંગે કોઈ પુરાવા રજુ કરેલ ન હોય તે મળવા પાત્ર થતા નથી તથા વ્યાજ બાબતે સીવીલ પ્રોસીજર કોડની કલમ– ૩૪ મુજબ વાદી પ્રતિવાદી પાસે જો કોઈ કરાર હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે પરંતુ આવો કરાર આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ એક જાહેર સંસ્થા છે અને વાદીએ પ્ર તિવાદીને નોટીસ આપેલ અને તે નોટીસ જ્યારે પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી પ્રતિવાદી તરફથી વાદીને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. આમ વાદીનાં કાયદેસરનાં લેણાં પ્રતિવાદીએ નિયમ સમયમર્યાદામાં ચુકવેલ ન હોઈ વાદી કં પની પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૬% નાં સાદા વ્યાજનાં દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે. આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ **મુદા નં. ૧ અને ૨ નો જવાબ ' અંશત: હકારમાં'** આપવામાં આવે છે.

**મુદા નં. ૩:–**

(૧૧) આ કામે મુદ્ધા નં.૩ ધ્યાને લેવામાં આવે તો, વાદીનાં દાવાને કાયદાનો બાધ નડે છે કે કેમ? જો કે પ્રતિવાદીએ ખુદ સોગંદ પર કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેથી તેમના જવાબની હકીકતને સમર્થન મળેલ નથી. વધુમાં દાવાની હકીકત મુજબ આ કામે પ્રતિવાદીને ત્યાં તા.૧૬/૦૫/૨૦૨૩ નાં રોજ ચેકીંગ કરવામાં આવેલ અને પ્રતિવાદીને વીજચોરીનું પુરવણી બીલ મોકલી આપવામાં આવેલ છે અને ત્યારબાદ વાદી કંપનીએ પ્રતિવાદીને તા.૦૭/૦૬/૨૦૨૩ ના રોજ આખરી નોટીસ મોકલેલ અને ત્યારબાદ પ્ર તિવાદીને તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ આપેલ અને જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે તે અંગેની એકનોલેઝમેન્ટ આંક–૧૭ થી રજુ છે. ત્યારબાદ વાદીએ સદર દાવો તા.૨૧/૦૯/૨૪ નાં રોજ દાખલ કરેલો છે. આમ, વાદીએ હાલનો દાવો સમય મર્યાદા અધિનિયમ મુજબ દાવાનાં કારણ થી ત્રણ વર્ષમાં કરેલ હોય વાદીનાં દાવાને સમયમર્યાદાનો

બાધ નડતો નથી. તેથી **મુદ્ધા નં.૩ નો જવાબ 'નકારમાં'** આપવામાં આવે છે.

(૧૨)સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૧,૨૩,૫૬૯/- પુરા ૧૮ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્ર તિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી બીનઅધિકૃત રીતે કરેલ વિજવપરાશ પેટે રૂા. ૯૭,૮૧૦.૪૭ પૈસા પુરા વસુલાત પેટે બાકી નીકળતી હોવાની હકીકત સાબીત થયેલ છે. તેમજ વાદીએ દાવાની રકમ સાથે ૧૮ % લેખે વ્યાજની માંગણી કરેલ છે. આ અંગે ઉપરોકત મુદામાં કરેલ ચર્ચા મુજબ વાદી વ્યાજ મેળવવા હકકદાર બનતા હોય તેથી **મુદ્ધા નં. ૪ નો જવાબ "અંશત:હકારમાં"** આપી મુદા નં. ૫ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

**(૧)**આ કામનાં વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામનાં વાદી, પ્રતિવાદી પાસેથી તેઓની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત ઉપરથી રૂા.૯૭,૮૧૦.૪૭ પૈસા (અંકે રૂપિયા સતાણુ હજાર આઠસો દસ અને સુડતાલીસ) પુરા દાવો દાખલ થયા તારીખ થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાના વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ વ્યાજ સહિત હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી તેવો આથી પ્ર તિવાદીને આદેશ કરવામાં આવે છે.

**(૩)** આ દાવાનું વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૪)હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ: ૨૯ મી, માહે એપ્રિલ સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬

વિરમગામ

(કીર્તી શર્મા)
અધિક સીવીલ જજ
વિરમગામ
કોડ નં. જીજે ૦૧૭૨૧